## અમારું ધ્યેય

અમે બધાં બાળકોને સલામત અને અનુકૂળ પર્યાવરણમાં બૌદ્ધિક, સામાજિક, શારીરિક અને સંવેદનશીલ ઉત્કર્ષ માટેની સમાન તકો પૂરી પાડીએ છીએ તેમજ પ્રત્યેક બાળકને જ્ઞાનની ઝંખના માટેની તક પણ પૂરી પાડવાનો સતત પ્રયત્ન કરીએ છીએ. અમે બધા બાળકોને અજોડ વ્યકિતઓ તરીકે સ્વીકારીએ છીએ અને સતત પ્રયત્નો દ્વારા તેમની મહત્તમ શક્તિઓને વિકસાવવા મદદરૂપ બનીએ છીએ જેથી તેઓ પડકારનો સામનો કરી શકે અને વૈશ્વિક ગ્રામ્યનો જાગૃત નાગરિક પણ બની શકે.

## સંચાલન

- બરોડા લાયન્સ કલબ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત બરોડા હાઇસ્કૂલ વડોદરા ખાતે જૂન 1961 વર્ષથી આ શિક્ષણયજ્ઞમાં અવિરતપણે અને સફળતાપૂર્વક કાર્યરત છે અને શિક્ષણ ક્ષેત્રે ગૌરવવંતુ સ્થાન ધરાવે છે.
- ટ્રસ્ટ સંચાલિત વિવિધ શાળાઓ:

| શાખા | સ્થાપના | વિગત |
|---|---|---|
| બરોડા હાઇસ્કૂલ-બગીખાના | જૂન-1961 | કે.જી., પ્રાથમિક અને મા. તથા ઉ.મા.વિભાગ |
| બરોડા હાઇસ્કૂલ -ઓ.એન.જી.સી. | જૂન-1964 | કે.જી., પ્રાથમિક અને મા. તથા ઉ.મા.વિભાગ |
| બરોડા હાઇસ્કૂલ -અલકાપુરી | જૂન-1974 | કે.જી., પ્રાથમિક અને મા. તથા ઉ.મા.વિભાગ |
| બરોડા હાઇસ્કૂલ -દંતેશ્વર (અંગ્રેજી અને ગુજરાતી માધ્યમ) | જૂન-1996 | કે.જી., પ્રાથમિક અને મા. તથા ઉ.મા.વિભાગ |
| બરોડા લાયન્સ સ્કૂલ – અલકાપુરી | જૂન-2004 | માધ્યમિક તથા ઉ.મા.વિભાગ |

- બરોડા હાઇસ્કૂલ, દંતેશ્વર એ માત્ર ગુજરાતી માધ્યમ અને અંગ્રેજી માધ્યમ(GSEB) ધરાવે છે. જયારે ઉપરોકત તમામ શાખાઓ માત્ર અંગ્રેજી માધ્યમ(GSEB) ધરાવે છે.
- તમામ શાળાઓ કે.જી. વિભાગથી ધો-12 વિજ્ઞાન પ્રવાહ/સામાન્ય પ્રવાહ ધરાવે છે.
- તમામ ટ્રસ્ટીગણના સક્ષમ માર્ગદર્શન અને પરિશ્રમ તથા હકારાત્મક અભિગમ હેઠળ તમામ શાળાઓના લગભગ 600 શૈક્ષણિક અને બિનશૈક્ષણિક સ્ટાફ અને 12500 થી વધુ બાળકો શિક્ષણક્ષેત્રે હરણફાળ ભરી પોતાના સફળતાના શિખરો સર કરી રહ્યા છે. ઉપરાંત ટ્રસ્ટ દરેકની તક અને સિદ્ધિ માટે હંમેશા તત્પર રહે છે.
- શાળા પોતાના બાળકોના સર્વાંગી વિકાસ માટે હંમેશા નિત નવા પ્રયાસો કરી બાળકોને તેમની શ્રેષ્ઠતાના શિખર પર પહોંચાડવા માટે હંમેશા તત્પર રહે છે.